જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલી બાગ, વડોદરા.
તા. ૩૦/૦૮/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાઓ,
તમામ, જિ.વડોદરા.

વિષય :- સુધારેલ પગાર ધોરણનાં ૫૦% લઘુત્તમ પેન્શન અને ૩૦% કુટુંબ પેન્શન મંજુર કરવાની પધ્ધતિનું અમલીકરણ કરવા બાબત...

સંદર્ભ :- (૧) નાણાં વિભગાનાં ઠરાવ ક્રમાંક:પપફ/૧૦૯૯/ભા.સ.૧(૨)/પી/ તા.૧-૧૧-૨૦૦૦
(૨) નાણાં વિભગાનાં ઠરાવ ક્રમાંક:પશન/૨૦૧૪/સીસી૧૨૮-પી,(પા.ફા-૧),તા.૧-૫-૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ ૧ અને ૨ અન્વયે જણાવવાનું કે અત્રેનાં જિલ્લાની બિન સરકારી માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાંથી તા.૦૧/૦૧/૨૦૦૬ પહેલા નિવૃત્ત થયેલ કર્મચારીઓના પગાર ધોરણો અન્વયે પેન્શનરને સુધારેલ પગાર ધોરણમાં લઘુત્તમ પગારનાં ૫૦% પેન્શન (પેન્શન પાત્ર સેવાના પ્રમાણસર) અને ૩૦% પ્રમાણે કુટુંબ પેન્શન (તા.૦૧/૦૧/૨૦૦૬ પહેલાં નિવૃત્ત થયેલ કર્મચારીઓના કેસમાં પેન્શનપાત્ર સેવાના સપ્રમાણ) મંજુર કરવાની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે મુજબ આપની શાળામાં આવા કોઇ નિવૃત્ત થયેલ કર્મચારીનું પેન્શન રીવાઇઝ કરવાનું થતું હોય તો ઉક્ત સંદર્ભદર્શિત ઠરાવ-૧ અને ૨ ની જોગાવઇ મુજબ નીચ જણાવેલ સાધનિક કાગળો સાથે દરખાસ્ત અત્રેની કચેરીને દિન-૫માં રજુ કરવાની રહેશે. જેથી આગળની ઘટિત કાર્યવાહી થઇ શકે.

૧ નાણાં વિભાગનાં તા.૧-૧૧-૨૦૦૦ના ઠરાવ ક્રમાંક: ક્રમાંક:પપફ/૧૦૯૯/ભા.સ.૧(૨)/પી મુજબ પરિશિષ્ટ ભાગ-૧ અને નાણાં વિભગાનાં ઠરાવ ક્રમાંક:પશન/૨૦૧૪/સીસી૧૨૮-પી,(પા.ફા-૧), મુજબ ભાગ- ૨ સંપૂર્ણ વિગત ભરીને આચાર્યશ્રીનાં સહી સિકકા સાથે. (બે નકલમાં)
૨ નિવૃત્તિ સમયનાં મૂળ પી.પી.ઓ.ની તેમજ આર.ઓ.પી.૯૮ તથા આર.ઓ.પી.-૦૬ મુજબ રીવાઇઝ પી.પી.ઓ.ની પ્રમાણિત નકલ. (બે નકલમાં )
૩ કર્મચારીની અસલ સેવાપોથી અને કર્મચારીએ છેલ્લે મેળવેલ પગારનાં આધારોની પ્રમાણિત નકલ.

નોંધ : જિલ્લાની કેટલીક શાળાઓએ પરિશિષ્ટ ભાગ-૧ અને ભાગ-૨ ભરીને અત્રે મોકલેલ છે તેઓએ પેન્શન શાખામાંથી મોકલેલ કેસો પરત મેળવી લેવા કર્મચારની અસલ સેવાપોથી અને જરૂરી સાધનિક કાગળો સાથે સંપૂર્ણ વિગતો ભરી બે નકલમાં ફાઇલમાં દરખાસ્ત રજુ કરવા જણાવવામાં આવે છે.વધુમાં જણાવવાનું કે સદરહુ બાબતે પેન્શનર આ કચેરીનો સીધો સંપર્ક ન કરે તેવી સૂચના આપની કક્ષાએથી આપવી સદરહું બબાતે જે કાંઇ ઘટિત કાર્યવાહી થશે તેની જાણ અત્રેથી શાળાને કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

Scanned by CamScanner